# ગાંધીનગરના બે યુવાનોને મોડાસા પાસે કાળ ભરખી ગયો

## ધનસુરામાં બિમાર પડેલા કારીગરના પિતાની ખબરઅંતર પુછીને ઘરે પરત ફરી રહ્યા હતા : ડમ્પરે ઓવરટેક કરતા કારને ટકકર મારી અને કાર ત્રણ ગુલાંટ ખાઈને ઝાડ સાથે ટકરાતા કારનો ખુડદો બોલી ગયો : મોડી રાત્રે સે-૨૨ના બે આશાસ્પદ યુવાનોનું મૃત્યુ : એકને ફ્રેકચર



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સે-૨૨ ખાતે રહેતા કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલા બે યુવાન મિત્રો બિમાર પડેલા તેમના કારીગરના પિતાની ખબર અંતર પુછવા અરવલ્લી જિલ્લાના ધનસુરા વિસ્તારમાં ગાડી લઈને ગયા હતા. ગઈ રાતે ગાડીમાં પરત ઘરે ફરતી વખતે તે બંને મિત્રોને કાળ ભરખી ગયો હતો. એક ડમ્પર ચાલકે તેમની કારને ઓવરટેક કરવા જતા સ્હેજ ટકરાવી દીધી હતી. કાર ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા કાર ત્રણ ગુલાંટ ખાઈને રસ્તાની બાજુમાં ઝાડ સાથે ટકરાઈ જતા કારનો બુકડો બોલી ગયો હતો. આ ઘટનામાં બંને મિત્રોના ઘટના સ્થળે કમકમાટીભર્યા મૃત્યુ નિપજયા હતાં.





જયારે એકને પગે ફ્રેકચર થઈ જતાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરના સે-૨ વૃન્દાવન પાર્ક સોસાયટીમાં રહેતા અને કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલા ૪૮ વર્ષીય નિતીનભાઈ રામભાઈ પટેલ તથા તેમના પડોશમાં રહેતા અને મકાન લે વેચના વ્યવસાય સાથે સંકળાયેલા મિત્ર મહેન્દ્રભાઈ ધીરજભાઈ સોલંકી તથા કારીગર પાલેસ જગમાલભાઈ સીસોટા ત્રણેય આઈ-૨૦ ગાડી નં. જીજે ૧૮ બીબી ૧૦૫૯ લઈને અરવલ્લી જિલ્લાના ધનસુરા વિસ્તારમાં ગયા હતા. કારીગરના પિતાની તબિયત નરમ હોવાથી ખબર અંતર પુછવા ત્રણેય તેના ઘરે ગયા હતા અને ખબર પુછીને રાત્રે ઘરે ગાંધીનગર પરત ફરી રહ્યા હતા. ધનસુરા-મોડાસા હાઈવે પરથી તેઓ ગાડીમાં પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન હિન્દુપુરા ગામના પાટીયા પાસે એક ડમ્પરે તેમની ગાડીને ઓવરટેક કરી ત્યારે સામાન્ય ટકકર લાગી જતાં આઈ-૨૦ ગાડી ચલાવી રહેલ નિતિનભાઈ પટેલે સ્ટીયરીંગ

● અનુસંધાન પાન-૭ પર

## ઘાયલ પક્ષીઓની સારવાર માટે અનોખુ સેવા અભિયાન

ગાંધીનગર, તા. ૧૩

ઉત્તરાયણના પર્વ દરમિયાન પતંગની કાતિલ દોરીથી ઘવાતા પક્ષીઓને બચાવવા માટે વનશ્રી ટ્રસ્ટ તેમજ વન વિભાગના સહયોગથી ઉમદા સેવાકાર્ય હાથ ધરવામાં આવશે. ઘાયલ પક્ષીઓને સારવાર પુરી પાડવા ઈન્દ્રોડા પાર્ક ખાતે ડીસ્પેન્સરી કાર્યરત રહેશે. જ્યારે ફાયર સ્ટેશને રેસ્કયુ સેન્ટર રહેશે.

આકાશને રંગીન બનાવવા ઉત્તરાયણના પર્વ દરમિયાન નભમાં

### હેલ્પલાઈન નંબરો

૯૮૨૪૨-૫૬૪૧૦, ૯૫૫૮૦-૩૦૭૭૧, ૮૪૬૦૬-૧૯૫૧૯, ફોન : ૨૩૨-૨૦૫૬૦

નિખરતા રંગબેરંગી પતંગો વચ્ચે કાતિલ દોરીથી અનેક પક્ષીઓની ઉડાન થંભી જાય છે. પતંગની દોરીથી ઘવાતા આવા પક્ષીઓને સારવાર પુરી પાડવા નગરમાં વનશ્રી સેવા ટ્રસ્ટ અને વનવિભાગ દ્વારા દર વર્ષે અનોખુ સેવાકીય અભિયાન હાથ ધરવામાં આવે છે. ઘાયલ પક્ષીઓની સારવાર માટે ઈન્દ્રોડાપાર્ક ખાતે ડીસ્પેન્સરી શરૂ કરવામાં આવી છે જ્યારે ઘાયલ પક્ષીઓને સારવાર માટે દવાખાના સુધી પહોંચાડવા ૧૫૦ જેટલા સ્વંયસેવકોની ટીમ પણ કામે લાગશે. બાઈક અને કાર સાથે ફરતા સ્વયંસેવકો અબોલ પક્ષીઓની સારવાર માટે તત્પર રહેશે. આ માટે વનશ્રી ટ્રસ્ટના પ્રમુખ અંજનાબેન નિમાવતે જરૂરી નંબરો પર સંપર્ક કરવા નગરજનોને અપીલ કરી છે. કાતિલ દોરીથી ઘવાતા પક્ષીઓનો જીવ બચાવવાના આ સેવાકાર્યમાં નગરજનોને સહયોગ આપવા જણાવાયું છે. ઘાયલ પક્ષીઓની સારવાર માટે નીચેના નંબરોનો સંપર્ક કરવા જણાવાયું છે.

## ઉત્તરાયણ નિમિત્તે આજે સીટી બસ સેવા બંધ રહેશે

ગાંધીનગર, તા. ૧૩

ઉત્તરાયણના પર્વ દરમિયાન વીટકોસની શહેરી બસસેવા બંધ રહેશે. સીટીબસ સેવા બંધ રહેવાની હોવાથી સેકટર ટુ સેકટર જવા ઉપરાંત આસપાસના ગ્રામ્યજનોએ રીક્ષા અથવા ખાનગી વાહનો આધારિત અવર-જવર કરવી પડશે.

પતંગ-દોરીના પર્વને લઈ શહેરી બસ સેવા બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. વિટકોસ ટ્રાન્સપોર્ટેશનના મેનેજરે આ અંગે જણાવ્યા મુજબ ઉત્તરાયણના દિવસે તા. ૧૪ જાન્યુઆરીના રોજ સીટી બસના પૈડા થંભી જશે. જેની શહેરીજનોએ નોંધ લેવા જણાવાયું છે. ઉત્તરાયણના દિવસે સીટીબસ બંધ રાખવાનો નિર્ણય લેવાતા શહેરીજનોએ સેક્ટર ટુ સેક્ટર જવા માટે રીક્ષામાં જવાની ફરજ પડશે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં અવરજવર કરવા માટે ખાનગી વાહનો કે એસ.ટી. બસની સેવા લેવી પડશે. ઉત્તરાયણના પર્વ દરમિયાન દોરીથી ઈજા ન થાય તે માટે આમ પણ નાગરિકો દ્વી ચક્રી વાહનોનો ઉપયોગ ઓછો કરે છે.

## વર્ષ-૨૦૧૩માં અકસ્માતના ૨૮૭૧ બનાવોમાં ૧૯૫ના કરૂણ મોત નિપજયા


### વર્ષ ૨૦૧૩માં શહેરમાં ૭૪૧ બનાવો : ૨૫ના મોત બે દાયકામાં મૃત્યુ આંકનું પ્રમાણ બેવડાયું

ગાંધીનગર, તા. ૧૩

જિલ્લામાં માર્ગ સલામતીની દ્દષ્ટિએ જોખમી ચિત્ર ઉપસી આવ્યું છે. વર્ષ ૨૦૧૩ દરમિયાન જિલ્લામાં માર્ગ અકસ્માતના કુલ ૨૮૭૧ બનાવો નોંધાયા છે. જયારે આ અકસ્માતોમાં ૧૯૫ વ્યક્તિઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. છેલ્લે બે દાયકામાં માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુઆંકનું પ્રમાણ બેવડાયું છે. જયારે વાહનોની સંખ્યામાં પણ ૧ હજાર ગણો વધારો થયો છે.

જિલ્લામાં હાલ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે ટ્રાફિક નિયમન અને લોકજાગૃતિના અભાવે પૈડા પરની જિંદગી કેટલી જોખમી બને છે તેનો ખ્યાલ માર્ગ અકસ્માતોના આંકડા પરથી સ્પષ્ટ થાય છે. છેલ્લા દોઢ દાયકામાં જિલ્લામાં વાહનોની સંખ્યામાં પણ એક હજાર ગણો વધારો થયો છે. જેમાં ફોર વ્હીલરની સંખ્યામાં દોઢ હજાર ગણો વધારો થયો છે. થ્રી વ્હીલરમાં ૯૨૦ ટકાનો વધારો થયો છે. જિલ્લામાં વાહનોની સંખ્યામાં અંદાજિત ૧૦૩૬ ટકાનો વધારો થયો છે. જેની સાથે ટ્રાફિક

● અનુસંધાન પાન-૭ પર



દાન-પૂણ્ય - ઉત્તરાયણના પર્વે પુણ્ય-દાનનો મહિમા મોટો છે... મકરસંક્રાંતિ એટલે કાળ બદલાવાની ઘડી... સૂર્યનો બદલાવ થાય ત્યારે દાન કરવું જોઈએ એવી આપણી સાંસ્કૃતિક પરંપરા છે... એમાંય વિશેષ કરીને મુંગા પશુઓ માટે ઘાસચારો, કુતરાઓ અને અશ્વો માટે લાડુનું વિતરણ કરી પુણ્ય કમાવાય છે... સામાજીક સંતોલન માટે આ પરંપરા આરંભાઈ છે... મુંગા પશુઓનો પણ માણસ માત્ર વિચાર કરે અને ઉજવણીમાં એમની સામેલગીરી થાય એવો ભાવ આ સમગ્ર પરંપરાના પાયામાં છે... ગાંધીનગરમાં ઠેરઠેર ગાયો માટે લીલો ઘાસચારો નિરવાનું આયોજન કરાયું છે... (તસવીર : દિપક જાની)

## ખૂણે... ...ખાંચરેથી

- પ્રસિધ્ધ ફિલ્મ અભિનેતા સલમાનખાન આજે ગાંધીનગર નજીક આવેલ ભાટ ગામ ખાતે આવી રહેલ છે. અહિં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે તેમની મુલાકાત પણ થશે તેમ મનાઈ રહ્યું છે.
- આજે ૧૪ જાન્યુઆરી ૨૦૧૪માં તિથિ તારીખ અને વર્ષના અંકોમાં ૧૪નો સુભગ સમન્વય થઈ રહ્યો છે.
- ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા નાગપુર મેયર્સ કાઉન્સીલની બેઠકમાં હાજરી આપી પરત આવ્યા છે.
- ૧૬મી જાન્યુઆરીએ તકેદારી આયોગ દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથે પડતર કેસોની સમીક્ષા બેઠક યોજવામાં આવી છે.
- આ વખતે જિલ્લા કલેકટરોની સમીક્ષા બેઠક બે દિવસ માટે યોજવામાં આવી છે. રાજયના જિલ્લાઓની સંખ્યા વધતાં આ બેઠક બે ભાગમાં યોજાઈ છે.

## ગાંધીનગરમાં ઠંડી ઘટી : પારો ૧૨.૫

ગાંધીનગર, તા. ૧૩

છેલ્લા ત્રણ-ચાર દિવસથી ઠંડીમાં ઠીંગરાઈ રહેલા ગાંધીનગરાઓને આજે રાહત મળી હતી. લઘુત્તમ તાપમાન ઉંચકાયું હતુ અને પારો ૧૨.૫ સુધી પહોંચ્યો હતો. જો કે આજ સવાર સુધી પવનની ગતિ વધારે રહેતા ઠંડીનો અનુભવ વધુ થતો હતો. ઠંડીમાં રાહત રહેતા પતંગ રસિયાઓ ખુશ થઈ ગયા છે. પવનની ગતિ આવી જ જળવાઈ રહે તે માટે પતંગ રશિયાઓ પ્રાર્થના કરી રહ્યા છે.

## આજોલમાં ચાર ઓરી અછબડાના કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના આજોલ ગામે અછબડાના ચાર કેસ મળી આવતાં આરોગ્યતંત્ર ચોંકી ઉઠયું છે.

હવામાનમાં સતત બદલાવ અને તીવ્ર ઠંડીના વાતાવરણને લઈ બાળકોમાં અછબડા-ઓરી થતા હોય છે. જિલ્લામાં આ વખતે ઠંડીનું પ્રમાણ પહેલેથી જ વધારે રહેવા પામ્યું છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના આજોલ ગામે ચાર બાળકોને ઓરી અછબડા હોવાનું જણાતાં તાત્કાલિક આરોગ્ય સત્તાવાળાઓએ વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી આરંભી દીધી છે. જો કે કોઈ નવા કેસ સર્વેલન્સ દરમિયાન નહિ મળ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ઓરી અછબડાના ચાર કેસ મળી આવતાં આરોગ્યતંત્રના અધિકારીઓ ચોંકી ઉઠયા છે. જો કે ચારેય બાળકોની તબિયત સારી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## શેરડી, બોર, જામફળથી બજારો ઉભરાયા

### ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ ઉત્તરાયણ પર્વે ખવાતી ચીજવસ્તુઓ-ઉંધીયાના શાકની ધૂમ ખરીદી

ગાંધીનગર, તા.૧૩

ઉત્તરાયણની પર્વે બજારોમાં રોનક લાવી દીધી છે. ખુબ ઠંડી હોવા છતાં બજારોમાં ભારે ભીડ જોવા મળી રહી હતી. પતંગ-માંજાની ખરીદી માટે હતી.

પતંગ ચઢાવવાનું જેટલુ મહત્વ ઉત્તરાયણ પર છે તેટલું જ મહત્વ ધન-પુણ્યનું અને ખાવાપીવાનું છે. ઉત્તરાયણના દિવસે લોકો આખો દિવસે કરવામાં આવે છે. ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ બજારોમાં ભીડ જામી હતી. પતંગ બજારો તો ભાતની શેરડી, બોર, જામફળના ઢગલે ઢગલા જોવા મળતા હતા. ૨૦ થી લઈને ૫૦ રૂ. કિલો સુધી જુદા જુદા પ્રકારની શેરડીની ખરીદી થઈ હતી. બોર અને જામફળ જેવા છે. ઉંધીયાના શાકની ખરીદી માટે ગૃહિણીઓની બજારમાં અવરજવર વધી હતી.

ઉત્તરાયણના દિવસે ગાયોને ઘાસ નીરવામાં આવે છે. ગાયોને



(તસવીર : દિપક જાની)

પતંગ બજારોમાં તો ભીડ ઉમટી જ હતી સાથે સાથે ઉત્તરાયણ પર્વે ખવાતી ચીજવસ્તુઓ શેરડી, બોર, જામફળ અને ઉંધીયાના શાકની ખરીદી માટે ગૃહિણીઓ બજારોમાં ઉમટી પડી દિવસ ધાબા પર ચઢી પતંગ ચઢાવે છે. સાથે જ શેરડી, બોર, જામફળ અને જાતભાતની ચિક્કી ખાવાની મજા માણે છે. આ ચીજવસ્તુઓ અને ધાન્ય-કપડાનું દાન પણ આ મોડી રાત સુધી ચાલુ રહ્યા હતા. સાથે જ અન્ય ચીજવસ્તુઓની ખરીદી માટે બજારોમાં ભીડ જોવા મળી હતી. શાકમાર્કેટમાં પણ એકદમ જીવંત બની ગયું હતું. બજારમાં જાત- ફળોથી લારીઓ જાણે ઉભરાતી હતી. સીંગ, તલ, દાળીયાની ચીકીની ખરીદી પણ ખુબ થઈ હતી. ઉત્તરાયણના દિવસે ઉંધીયું ખાવાનો આપણે ત્યાં જાણે રીવાજ થઈ ગયો નીરવા માટેના ઘાસના પૂળા પણ બજારોમાં વેચાઈ રહ્યા હતા. આ પર્વએ બજારોની રોનક વધારી દીધી છે. ઘરાકી વધતા વેપારીઓ પણ ખુશ થઈ ગયા હતા.

## જાહેર નિવિદા

### આંગણવાડી કાર્યકર / તેડાગરની ભરતી બાબત

સંકલિત બાળ વિકાસ યોજના, ગાંધીનગર ઘટક-૧, ૨માં નીચે જણાવેલ ગામોના આંગણવાડી કેન્દ્રોમાં કાર્યકર અને તેડાગરની ખાલી પડેલ જગ્યા માટે બહેનોની ભરતી કરવાની થાય છે.

જી.ઈ.બી. ૨ (જી.ઈ.બી. છાપરા), સે-૨૭, ગાંધીનગર

તેડાગરની ખાલી જગ્યા :- ગાંધીનગર ઘટક-૧

પુન્દ્રાસણ-૨ (ઠાકોરવાસ પંચાયતની બાજુમાં), ખોરજ (સ્ટેશન વિસ્તાર ખોરજ-૧), વાવોલ-૪ (કુબેરનગર), સે-૨૦ ગાંધીનગર (૧૧૩/૧ જ-ટાઈપ) સે-૨૭, ગાંધીનગર, જી.ઈ.બી.-૩ (સ્મશાન વિસ્તાર), ધોળાકુવા (રામદેવનગર વસાહત).

આગામી છ માસમાં ખાલી પડનાર કાર્યકર અને તેડાગરની જગ્યા ગાંધીનગર ઘટક-૧માં

આંગણવાડી કાર્યકર :- ૧. દંતાલી, ૨. ઉવારસદ-૨ (ચીકાપુરા ઠાકોરવાસ)

આંગણવાડી તેડાગર :- અડાલજ-૬ (રોહિતવાસ)

કાર્યકરની ખાલી જગ્યા :- ગાંધીનગર ઘટક-૨

અમિયાપુર-૨, રાંદેસણ-૧, કુડાસણ-૨, લવારપુર-૨

તેડાગરની ખાલી જગ્યા :- ગાંધીનગર ઘટક-૨

રતનપુર-૨ (ખોડીયાર નગર), રાંદેસણ-૧, શાહપુર-૨ (હુડકો ફળીયા, ઈન્દીરાનગર)

આગામી છ માસમાં ખાલી પડનાર કાર્યકર અને તેડાગરની જગ્યા ગાંધીનગર ઘટક-૨માં

આંગણવાડી કાર્યકર :- ૧. રાયપુર-૧ (પાણીની ટાંકીની બાજુમાં)

આંગણવાડી તેડાગર : ૧. વડોદરા-૨ (રબારીવાસ)

**શૈક્ષણિક લાયકાત અને શરતો :-**

(૧) કાર્યકર માટે લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ પાસ અને તેડાગર માટે ધોરણ-૭ પાસે નક્કી થયેલ છે.
(૨) ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. (જાહેરાતની તારીખે)
(૩) મહિલા ઉમેદવાર પરણિત અને ગામના સ્થાનિક હોવા જોઈએ (રેશનકાર્ડની નકલ, ચૂંટણી કાર્ડની નકલ અને તલાટી કમ મંત્રીશ્રીનો દાખલો રજૂ કરવો)
(૪) જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અને શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટની પ્રમાણિત નકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે.
(૫) લગ્ન નોંધણીનું પ્રમાણિત કરેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે.
(૬) આંગણવાડી કેન્દ્ર જે ગામ કે શહેરના ફળીયા, પરા, વોર્ડમાં આવેલ હોય તેની હદમાં વસવાટ કરતા સ્થાનિક ઉમેદવારે એજ અરજી કરવાની રહેશે.
(૭) આંગણવાડી કેન્દ્રમાં નિમણુંક મેળવનાર કાર્યકર / તેડાગરને સરકારશ્રીના વખતોવખત નિયમોનુસાર માસિક માનદવેતન મળવપાત્ર રહેશે.
(૮) અરજદારે ઉમેદવારી કચેરીના નોટીસ બોર્ડ ઉપર લગાવેલ નમુનાના ફોર્મમાં અરજી કરવાની રહેશે.
(૯) અધુરી વિગત સાથે આવેલ અને સમયમર્યાદા બહાર આવેલ અરજીઓ રદ ગણવામાં આવશે.
(૧૦) અરજીમાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબના સર્ટી/પ્રમાણપત્ર સામેલ કરવાના રહેશે. ત્યારબાદ પાછળથી કોઈપણ સર્ટી./પ્રમાણપત્ર અરજીમાં આવશે નહી.

જાહેરાતની તારીખ અગાઉ કરેલ અરજીઓ રદ ગણાશે. જાહેરાત વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૨૦માં સાધનિક કાગળો સાથે અરજી રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મોકલવાની રહેશે.

**નોંધ :** સાદી ટપાલ, કુરિયર, સ્પીડ પોસ્ટ કે રૂબરૂમાં આપેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

| | | |
|---|---|---|
| સહી/- બાળ વિકાસ યોજના અધિકારી ઘટક-૧, ૨ જિલ્લા પંચાયત, ગાંધીનગર | બાળ વિકાસ યોજના અધિકારીશ્રી આઈસીડીએસ શાખા, સે.૧૭ જિલ્લા પંચાયત, ગાંધીનગર | સહી/- પ્રાંત અધિકારી |

માહિતી/૪૬/૧૩-૧૪ માહિતી/૨૧૮૪/૧૩-૧૪

## GERCના નવનિયુક્ત અધ્યક્ષ પ્રવિણ પટેલને હોદ્દા અને ગુપ્તતાના શપથ

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત ઈલેકટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન (GERC)ના નવનિયુક્ત અધ્યક્ષ શ્રી પ્રવીણભાઈ પટેલને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે ઊર્જામંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, મુખ્ય સચિવશ્રી ડૉ. વરેશ સિન્હા, વરિષ્ઠ સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ GERCના નવનિયુક્ત અધ્યક્ષને શુભેચ્છા અને અભિનંદન આપ્યા હતા.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




SANGHI CEMENT

C. C. C. (Customer Care Centre) Gandhinagar District

VINAYAK 500 TMT BARS - ISI

ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત

તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com